
# દેશભરમાં ૨૧ દિવસ માટે લોકડાઉન



## ભારતના ઇતિહાસમાં મોદી દ્વારા સૌથી મોટો નિર્ણય લેવાયો : જો હવે ૨૧ દિવસના લોકડાઉનનું પાલન નહીં થાય તો અમે ૨૧ વર્ષ પાછળ જતાં રહીશું : ૨૧ દિવસ બહાર નિકળવાનું ભુલી જવા લોકોને મોદીની અપીલ

નવીદિલ્હી, તા.૨૪

ભારતમાં કોરોના વાયરસના વધતા જતાં કેસોને ધ્યાનમાં લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રાત્રે આઠ વાગે ફરી એકવાર દેશને સંબોધન કર્યુ હતું. સાથે સાથે જનતા કર્ફ્યુની સફળતા માટે દેશનો આભાર માન્યો હતો. લોકડાઉનની લાપરવાહીથી નારાજ થયેલા વડાપ્રધાને આજે દેશને બચાવવા માટે સમગ્ર દેશમાં લોકડાઉનની જાહેરાત કરી દીધી હતી. મોદીએ વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું હતું કે, દરેક ભારતીય સંકટની આ ઘડીમાં સરકારના સ્થાનિક વહીવટીતંત્રના નિર્દેશોનું પાલન કરશે. ૨૧ દિવસના લોકડાઉનનો સમય રાખવામાં આવ્યો છે પરંતુ આપના જીવનની સુરક્ષા માટે, પરિવારની સુરક્ષા માટે આ ખુબ મહત્વની બાબત હોવાની વાત મોદીએ કરી હતી. મોદીએ ચેતવણી આપતા કહ્યું હતું કે, આ બિમારીના લક્ષણો દરમિયાન તબીબોની સલાહ વગર કોઈપણ દવા લેવામાં ન આવે, કોઈપણ પ્રકારની રમત જીવનને વધારે ખતરામાં મુકી શકે છે. તમામ લોકોને અફવા તરફ ધ્યાન નહીં આપવા માટે પણ કહેવામાં આવ્યું છે. તેમણે ઉમેર્યુ હતું કે, હાલમાં હેલ્થકેર જ સર્વોચ્ચ પ્રાથમિકતા હોવી જોઈએ. રાજ્ય સરકારોને પણ આ સંદર્ભમાં તેઓએ ખાસ સૂચના આપી છે. માત્ર આરોગ્ય સેવાઓ જ અત્યારે સૌથી મહત્વપૂર્ણ બાબત છે. દરેક વ્યક્તિ, પરિવારને બચાવવાની કેન્દ્ર, રાજ્ય અને વહીવટીતંત્રની જવાબદારી આવી ગઈ છે. ભારત આજે એ તબક્કા પર છે જ્યાં અમારા આજના પગલા નક્કી કરશે કે આ મોટી આફતના પ્રભાવને અમે કેટલા હદ સુધી ઓછી કરી શકીએ છીએ. આ લોકડાઉનની એક આર્થિક કિંમત દેશને ચુકવવી પડશે પરંતુ એક-એક ભારતીયના જીવનને બચાવવાની જવાબદારી આવી ગઈ છે. હાલમાં જે લોકો જ્યાં રોકાયેલા છે ત્યાં જ રોકાઈ રહેવાની જરૂર છે. દેશમાં આ લોકડાઉનનો ગાળો ૨૧ દિવસનો રહેશે. મોદીએ કહ્યું હતું કે, લોકડાઉનનો આ નિર્ણય તેમના માટે અને આવનાર પેઢી માટે છે. કારણ કે, જો અમે ૨૧ દિવસના લોકડાઉનનું પાલન નહીં કરીએ તો અમે ૨૧ વર્ષ પાછળ જતાં રહીશું.

● અનુસંધાન પાના - ૭ પર

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૪ | ૨૫ માર્ચ, ૨૦૨૦, બુધવાર; ચૈત્ર સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં કોરોનાનો કહેર યથાવત્

## કોરોના વાયરસથી કુલ ૧૦ના મોત : ૫૩૬ સંક્રમિત : મણિપુર ખાતે કોરોનાનો સૌપ્રથમ કેસ નોંધાયો : મહારાષ્ટ્રમાં વધુ એક કોરોના દર્દીનું મોત

ન્યુ દિલ્હી,તા.૨૪

દેશમાં કોરોના વાઈરસ સંક્રમિતોની સંખ્યા ૫૦૮ થઈ ગઈ છે, જ્યારે ૧૦ લોકોના મોત થઈ ચુક્યા છે. મહારાષ્ટ્રમાં સૌથી વધારે ૧૦૧ કેસની પુષ્ટી થઈ ચુકી છે. બીજા નંબરે કેરળ છે. સાથે જ મંગળવારે મણિપુરમાં સંક્રમણનો પહેલો કેસ સામે આવ્યો છે. ૨૩ વર્ષીય સંક્રમિત યુવતી તાજેતરમાં જ બ્રિટનથી પાછી આવી હતી. સંક્રમણને ફેલાવાથી રોકવા માટે ૩૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ પુરી રીતે લોકડાઉનની જાહેરાત કરી છે.

મહારાષ્ટ્રમાં કોરોનાને કારણે વધુ એક દર્દીનું મોત નીપજ્યાની ખબર સામે આવી છે. મુંબઈમાં મંગળવારે એક કોરોના સંક્રમિતની મોત થઈ ગઈ છે. આની સાથે દેશમાં આ વાયરસને કારણે મરનારની સંખ્યા ૧૦ થઈ ગઈ છે. કોરોનાના આંધ્ર પ્રદેશમાં ૭, બિહારમાં ૨, છત્તીસગઢમાં એક, ચંડીગઢમાં ૬, દિલ્હીમાં ૨૯, ગુજરાતમાં ૩૩, હરિયાણામાં ૨૬, હિમાચલ પ્રદેશમાં ૨, જમ્મુ-કાશ્મીરમાં ૪, કર્ણાટકમાં ૩૩, કેરળમાં ૯૫, લદ્દાખમાં ૧૩, મધ્ય પ્રદેશમાં ૬, મહારાષ્ટ્રમાં ૧૦૧, ઓડિશામાં ૨, પોંડીચેરીમાં એક, પંજાબમાં ૨૩, રાજસ્થાનમાં ૩૨, તમિલનાડુમાં ૧૨,તેલંગણામાં ૩૩, ઉત્તર પ્રદેશમાં ૩૩, ઉત્તરાખંડમાં ૫ અને પશ્ચિમ બંગાળમાં ૭ કેસો નોંધાયા છે. તેમાંથી ૧૦ લોકોના મોત થયા છે, જ્યારે ૪૪ લોકો સાજા થઈને ઘર જતા રહ્યા છે.

● અનુસંધાન પાના - ૭ પર

# કોરોના બાદ ચીનમાં હન્ટા વાયરસ ફેલાયો : એકનું મોત

## સોશિયલ મિડિયા ઉપર જોરદાર દહેશત ફેલાઈ : ઉંદરથી આ પ્રકારનો વાયરસ ફેલાય છે : હેવાલમાં દાવો

નવી દિલ્હી, તા. ૨૪

કોરોના વાયરસને લઈને દુનિયાભરના દેશોમાં હાહાકાર મચેલો છે ત્યારે નવા વાયરસ હન્ટાએ ચીનમાં નવી ચર્ચા જગાવી દીધી છે. આના કારણે ચીનમાં એક વ્યક્તિનું મોત થયું છે. સોશિયલ મિડિયા ઉપર પણ ચારેબાજુ આની ચર્ચા છે. કોરોના વાયરસથી મુશ્કેલીમાં મુકાયેલા ચીનના યુનાન પ્રાંતમાં એક વ્યક્તિનું હન્ટા વાયરસના કારણે મોત થયું છે. અસરગ્રસ્ત વ્યક્તિ હન્ટા વાયરસથી અસરગ્રસ્ત હતી અને કામ માટે શાનડોન્ગ જઈ રહી હતી. આ સંદર્ભમાં માહિતી આપતા સોશિયલ મિડિયા ઉપર હાહાકાર મચી ગયો છે. આ વાયરસ કોરોનાની જેમ જ ખતરનાક ન બને તેની પણ ચર્ચા છેડાઈ ગઈ છે. હન્ટા વાયરસ પોઝિટિવ આવ્યા બાદ બસમાં રહેલી ૩૨ અન્ય લોકોની પણ તપાસ કરવામાં આવી રહી છે. મોટી સંખ્યામાં લોકોએ ટ્વિટર પર એવી દહેશત ફેલાવી છે કે, આ કોરોનાની જેમ જ હાહાકાર મચાવી શકે છે. જો ચીનના લોકો પ્રાણીઓને જીવિત ખાઈ જવાની પ્રક્રિયા બંધ નહીં કરે તો ચીનમાં આ પ્રકારની સ્થિતિ સર્જાતી રહેશે. ચીની લોકો હવે એક યોજના પર કામ કરી રહ્યા છે. આ હન્ટા વાયરસ ઉંદરો ખાવાથી થાય છે. સોશિયલ મિડિયા પર જારી

● અનુસંધાન પાના - ૭ પર

### ભારતમાં હન્ટાથી કોઈ જ દહેશત નથી

હન્ટા વાયરસને લઈને હવે ચર્ચા છે. ભારતને કેટલો ખતરો છે તેને લઈને પણ ચર્ચા છેડાઈ છે. આ વાયરસ ઉંદરોમાં જોવા મળે છે. માનવીમાં તેના ઈન્ફેક્શનના કેસ દુર્લભ રહેલા છે. કારણ કે સૂર્યપ્રકાશની રોશનીમાં આવ્યા બાદ આ વાયરસ ખતમ થઈ જાય છે. એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં આ વાયરસ ફેલાતો નથી. નોવેલ કોરોના વાયરસ બાદ આ વાયરસ સપાટી ઉપર આવ્યો છે. તમામ લોકો જાણે છે કે, વર્ષ ૨૦૦૮માં તમિળનાડુમાં હન્ટા વાયરસ ફેલાયો હતો. મુંબઈમાં ૨૦૧૬માં એક વ્યક્તિનું મોત પણ થયું હતું. રિપોર્ટ મુજબ ફેફસાથી બ્લિડિંગ આ રોગમાં થાય છે. ભારતમાં આ પ્રકારના રોગનો ખતરો રહેલો નથી. તમિળનાડુના વેલ્લોર જિલ્લામાં હન્ટા વાયરસ ફેલાયો હતો. તે વખતે ઈરુલ્લા સમુદાયના ૨૮ લોકો અસરગ્રસ્ત થયા હતા.

# વિશ્વના ૧૯૫ દેશ કોરોનાના સકંજામાં

## મોતનો આંકડો ઝડપથી વધીને ૧૬૫૫૮ થયો : સ્થિતી હજુ બેકાબુ : વિશ્વભરના દેશો કોરોનાને રોકવામાં હજુ સફળતા મેળવી શક્યા નથી : દરરોજ હજારોની સંખ્યામાં કેસ સપાટી પર

બેઝિંગ, તા. ૨૪

કોરોના વાયરસના કારણે દુનિયાના દેશોમાં ભારે હાહાકારની સ્થિતી યથાવત રીતે રહેલી છે. તબીબી ક્ષેત્રમાં શ્રેષ્ઠ સુવિધા ધરાવતા ઈટાલી સહિતના દેશો કોરોનાના કારણે હાથ ઉચા કરી ચુક્યા છે. કેસોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આજે કોરોનાના કારણે પ્રભાવિત રહેલા વિશ્વના ૧૯૫ દેશોમાં મોતનો આંકડો વધીને ૧૬૫૫૮ સુધી પહોંચી ગયો હતો. જ્યારે કેસોની સંખ્યા ૩૮૧૬૫૩ સુધી પહોંચી ગઈ છે. રિક્વર થયેલા લોકોની સંખ્યા ૧૦૨૪૨૯ સુધી પહોંચી ગઈ છે. આવી જ રીતે વિશ્વના દેશોમાં ગંભીર રીતે અસરગ્રસ્ત રહેલા દર્દીઓની સંખ્યા ૧૨૦૬૨ સુધી રહેલી છે. જે સાબિત કરે છે કે મોતનો આંકડો હજુ ખુબ ઉપર પહોંચનાર છે. ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં કોરોના વાયરસની શરૂઆત ચીનમાં થયા બાદથી એક પછી એક કરતા હવે ૧૯૫ દેશો કોરોના વાયરસના સકંજામાં આવી ગયા છે. હોંગકોગ, દક્ષિણ કોરિયા, થાઈલેન્ડ, અમેરિકા, તાઈવાન, મલેશિયા અને જર્મની સહિતના દેશો વાયરસના સકંજામાં આવી ગયા છે. કેસોની સંખ્યા ચિંતાજનક રીતે વધી રહી છે. દરરોજ કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. ગંભીર રીતે બિમારીના સકંજામાં રહેલા લોકોની સંખ્યા હજારોમાં છે.જે કુલ કેસોના ૨૧ ટકા જેટલી છે. વાયરસને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગ પર કાબુ લેવામાં સફળતા હાથ લાગી રહી નથી. ભારે હાહાકાર જારી છે.



મોતનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. ચીનમાં સ્થિતી ધીમે ધીમે કાબુમાં આવી રહી છે. ચીનમાં નવા કેસો અને મોતનો આંકડો ઝડપથી ઘટી રહ્યો છે. જે સંકેત આપે છે કે ચીનમાં કોરોના પર અંકુશ મુકવામાં હવે સફળતા મળી રહી છે. જે ત્યાંના લોકો માટે મોટી રાહતની બાબત છે. કોરોના

● અનુસંધાન પાના - ૭ પર

# દિલ્હીમાં કર્ફ્યૂ અમલી : પોલીસે શાહિનબાગ દેખાવકારોને ખસેડ્યા

## 3 મહિનાથી ચાલી રહેલા સીએએ વિરોધી પ્રદર્શનના ટેન્ટ ઉખાડ્યા

ન્યુ દિલ્હી,તા.૨૪

નાગરિકતા સંશોધન કાયદા (સીએએ) વિરુદ્ધ ૧૫



ડિસેમ્બરથી દિલ્હીના શાહીનબાગ વિસ્તારમાં ધરણા પર બેઠેલા દેખાવકારોને પોલીસે કર્ફ્યૂને પગલે ખસેડી દીધા છે. મંગળવારે સવારે દિલ્હી અને નોઈડાને જોડતા આ માર્ગ પર લગાવાયેલા ટેન્ટ સહિતના દબાણો પણ પોલીસે ખસેડી લીધા છે. કોરોના વાયરસની મહામારી વચ્ચે પણ આ લોકો ધરણા પર બેઠા હતા. કોરોનાને પગલે દિલ્હી સહિત સમગ્ર ભારત લોકડાઉન થઈ ગયું છે. તેમ છતા મંગળવારે મહિલાઓ ફરી એકત્ર થવા લાગી હતી. પોલીસે જણાવ્યું કે દેખાવકારોને હટાવીને ત્યાંથી ટેન્ટના દબાણો દૂર કરી દેવાયા છે. કેટલાક લોકોની અટકાયત પણ કરવામાં આવી છે. શાહિબાગ વિસ્તારમાં છેલ્લા ૧૦૦ દિવસથી કેટલીક મહિલાઓ વિરોધ પ્રદર્શન કરી રહી હતી.

મંગળવારે સવારના જ મહિલાઓ ફરી શાહીબાગ વિરોધ સ્થળ પર એકત્ર થવા લાગી હતી. હાલમાં મોટાપાયે પોલીસ ફોર્સ ખડકી દેવામાં આવી છે.

# અંતે ટોકિયો ઓલિમ્પિક મોકૂફ રાખવા નિર્ણય

## જાપાની વડાપ્રધાન અને આઈઓસીએ ટેલિફોનિક ચર્ચા બાદ નિર્ણય કર્યો

ટોકિયો, તા.૨૪

કોરોના વાયરસના હાહાકાર વચ્ચે દહેશત મુજબ જ આખરે ટોકિયો ઓલિમ્પિકને સત્તાવારરીતે ૨૦૨૧ સુધી મોકૂફ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કોરોના વાયરસે સમગ્ર વિશ્વના દેશોને પોતાના સકંજામાં લીધા છે ત્યારે ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટિએ આજે આ મુજબની જાહેરાત કરી હતી. નિર્ધારિત કાર્યક્રમના ભાગરુપે ટોકિયો ઓલિમ્પિકનું આયોજન ૨૪મી




જુલાઈથી ૯મી ઓગસ્ટ વચ્ચે થનાર હતું પરંતુ આઈઓસીના પ્રમુખ થોમસ બાક અને જાપાની વડાપ્રધાન શિન્જો આબે વચ્ચે ટેલિફોનિકવાતચીત બાદ આ નિર્ણય કરવામાં આવ્યો હતો. ઈતિહાસમાં પ્રથમ વખત શાંતિ સમયમાં ઓલિમ્પિકને મોકૂફ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ટોકિયો ઓલિમ્પિકને મોકૂફ રાખવા માટે આઈઓસી સમક્ષ અમે રજૂઆત કરી હતી અને આઈઓસીએ આના માટે તૈયારી દર્શાવી હતી. સંયુક્ત નિવેદનમાં મોડેથી જણાવવામાં આવ્યું હતું કે, વર્તમાન વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની માહિતીના આધાર પર આ નિર્ણય લેવામાં આવી રહ્યો છે.

# રાજ્યસભાની ૫૫ બેઠકોની ચૂંટણી મોકૂફ

## વ્યાપક વિચારણા કર્યા બાદ ચૂંટણી પંચનો નિર્ણય : નવી તારીખની ટૂંક સમયમાં જ જાહેરાત થશે

નવી દિલ્હી, તા. ૨૪

કોરોના વાયરસના વધતા જતા પ્રકોપના કારણે ચૂંટણી પંચે ૨૬મી માર્ચના દિવસે યોજાનારી રાજ્યસભાની ચૂંટણીને ટાળી દેવાનો નિર્ણય કર્યો છે. રાજ્યસભાની ૫૫ સીટો માટે ૨૬મી માર્ચના દિવસે મતદાન થનાર હતા. કોરોના વધતા જતાં કેસો વચ્ચે ચૂંટણી પંચે આ નિર્ણય કર્યો છે. નવી તારીખોની જાહેરાત ટૂંક સમયમાં જ કરવામાં આવી શકે છે. ૧૭ રાજ્યોને આવરી લેતી રાજ્યસભાની ૫૫ સીટ પર ચૂંટણી યોજાનાર હતી. મહારાષ્ટ્રમાં સાત, ઓરિસ્સામાં ચાર, તમિળનાડુમાં છ, બંગાળમાં પાંચ સીટો બીજી એપ્રિલના દિવસે ખાલી થઈ રહી છે. આ ઉપરાંત આંધ્રપ્રદેશની ચાર, તેલંગાણાની બે, ગુજરાતની ચાર, છત્તીસગઢની બે, બિહારની પાંચ, હરિયાણામાં બે, ઝારખંડમાં બે, મધ્યપ્રદેશમાં ત્રણ સીટો ખાલી થઈ રહી છે.

આ તમામ સીટો માટે રાજ્યસભાની ચૂંટણી યોજાનાર હતી પરંતુ તમામ બાબતોને ધ્યાનમાં લઈને રાજ્યસભાની ચૂંટણીને હાલપુરતી ટાળી દેવામાં આવી છે. ચૂંટણી પંચે આગામી એપ્રિલ મહિનામાં ખાલી થઈ રહેલી રાજ્યસભાની સીટો પર ચૂંટણીને ટાળી દીધી છે. પંચ તરફથી આજે મંગળવારના દિવસે નિવેદન જારી કરીને કહેવામાં આવ્યું હતું કે, ટૂંક સમયમાં જ મતદાન અને મતગણતરીની નવી

● અનુસંધાન પાના - ૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225